

## @ગાંધીનગર

● સેકટર-૨૧ શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી ખાતે આજે ગુલાબી ઘટના હિંડોળા યોજાશે.

● સેકટર-૨૩ નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે નેશનલ સાયન્સ સેમિનાર યોજાશે.

● મહિલા નેતૃત્વ દિવસ અંતર્ગત સેકટર-૧૨ બલરામ મંદિર ખાતે કાર્યક્રમ યોજાશે.

- **દિલીપ પ્રજાપતિ**
9725647197


# અસહ્ય બફારાએ ગાંધીનગરાઓને અકળાવ્યા

## વરસાદ બંધ થતાં જ બફારાનું સામ્રાજય ફેલાયુ : ભેજનું પ્રમાણ ઉંચુ રહેતા વસાહતીઓ પરસેવે રેબઝેબ થઈ જાય છે

ગાંધીનગર, તા.૩

ગાંધીનગરમાં ઉઘાડ નીકળ્યા બાદ ધીમ ધીમે બફારો વધતો જાય છે. આજે અસહ્ય બફારો અનુભવાતા શહેરીજનો અકળાયા હતા. ઘરની બહાર નીકળતા જ પરસેવે રેબઝેબ થઈ જવાય એટલો બફારો અનુભવાતો હતો.

જુલાઈ મહિનાના અંતે શહેરમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. ચાર દિવસ સુધી સતત વરસાદ થતા વાતાવરણમાં ખુબ ઠંડક છવાઈ ગઈ હતી. શહેરનું વાતાવરણ હીલ સ્ટેશન જેવું થઈ ગયું હતું. ગરમી અને બફારો જાણે ગાયબ થઈ ગયો હતો. તેના સ્થાને સુસવાટાભર્યા ઠંડા પવનો ફુંકાતા રાત્રે બ્લેન્કેટ ઓઢવાની ફરજ પડી હતી. છેલ્લા ત્રણ-ચાર દિવસથી વાતાવરણમાં પુનઃ બદલાવ આવ્યો છે. વરસાદ બંધ થઈ જતા ઉઘાડ નીકળ્યો છે. જો કે આકાશમાં વાદળો હજુ ઘેરાયેલા નજરે પડે છે પરંતુ વરસાદ લાવી શકે તેવા વાદળો ન હોવાથી કયાંય છાંટા પડયા હોય તેવું પણ જાણવા મળ્યું નથી. વાદળોની વચ્ચે વચ્ચે કયારેક તડકો નીકળી જાય છે. છેલ્લા બે દિવસથી તો વાતાવરણ વધુ અકળાવનારુ બની રહ્યું છે. આજે મહત્તમ તાપમાન ૩૨.૫ ડિસે રહેતા અને ભેજનું પ્રમાણ સવારે ૮૭ ટકા અને સાંજે ૬૧ ટકા જેટલું રહેતા વસાહતીઓ બફારાના કારણે હેરાન પરેશાન થઈ ગયા હતા. પંખો થોડીકવાર માટે પણજો બંધ થાય તો પરસેવે રેબઝેબ થઈ જવાતું હતું. બજારમાં કે અન્ય કોઈ ભીડભાડવાળા સ્થળે ખુબ અકળામણ અનુભવાતી હતી. જે પ્રમાણે બફારો અને ભેજ વધી રહ્યો છે તે જોતા એકાદ-બે દિવસમાં ગાંધીનગરમાં પુનઃ વરસાદનું આગમન થઈ શકે છે. હાલમાં રાજસ્થાન તથા પૂર્વ ભારતમાં ભારે વરસાદ પડી રહ્યો છે. અહીં ઉભી થયેલી સિસ્ટમ જો ગુજરાતને અસર કરશે તો આગામી કેટલાક દિવસોમાં જ શહેરમાં વરસાદ પડી શકે છે. હાલમાં વસાહતીઓ બફારાથી રાહત મેળવવાના પ્રયાસો કરી રહ્યા છે. સવારે યોજાયેલ પાટીદાર અનામત રેલીમાં પણ જોડાનાર સૌ આંદોલનકારીઓ બફરાના કારણે પરસેવે રેબઝેબ થયા હતા. બંદોબસ્તમાં રોકાયેલી પોલીસ પણ બફારાના કારણે ભારે અકળામણ અનુભવતી હતી.



## વાતવાતમાં

● માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓએ આજે રાઉન્ડ લઈ નગરના માર્ગો પર વરસાદના કારણે કયાં કયાં નુકશાન થયું છે તેમજ કઈ જગ્યાએ માર્ગો ઉબડ-ખાબડ થઈ ગયાં છે તેની ઝીણવટભરી તપાસ કરી હતી.

● શ્રી અરવિંદ અને રવિન્દ્રનાથ ટાગોરની બંગાળી કાવ્ય સૃષ્ટિ 'મરિતે ચાહિના આમિ'નું ગાંધીનગરના ડૉ. પ્રણવ જોષીપુરાએ અનુવાદ કર્યો છે. આ કાવ્યસંગ્રહનું સંપાદન જાણીતા કવિ રાજેન્દ્ર પટેલે કર્યુ છે.

● રવિવારે ફ્રેન્ડશીપ ડેના દિવસે સાંજે ગાંધીનગરની તમામ રેસ્ટોરન્ટ, હોટેલ્સ, ડાઈનીંગ હોલ અને ખાણી-પીણીના બજારોમાં ભારે ભીડ જોવા મળી હતી.

● સે-૨૯ના ગ ટાઈપના સરકારી આવાસો પાસે પડી ગયેલા વૃક્ષોના ડાળા તો કેટલાક શ્રમજીવીઓ કાપી ગયાં છે પરંતુ મોટા થડ હજુ નડતરરૂપ પડી રહ્યાં છે. વસાહતીઓ વન વિભાગની સેવાની રાહ જોઈ રહ્યાં છે.

- **સમીર રામી**
9924446645




ગુજરાત રાજયમાં હાલ મહિલા સશકિતકરણ પખવાડિયું ઉજવાઈ રહ્યું છે. આ અંતર્ગત યોજાયેલ કાર્યક્રમમાં ગાંધીનગર જિલ્લા પંચાયતના મહિલા પ્રમુખ હિનાબેન પટેલે મહિલાને જુસ્સાભેર સંબોધન કર્યું હતું.

# બીએસએનએલ દ્વારા વસુલાતો વેલીડીટી ચાર્જ બંધ કરવા માંગ

## ખાનગી કંપનીઓમાં આવો કોઈ ચાર્જ જ નથી અને ગ્રાહકોની જરૂરિયાતને પ્રાધાન્ય અપાય છે

ગાંધીનગર, તા.૩

ટેલીકોમ ક્ષેત્રે વિશ્વભરમાં આવેલી ક્રાંતિએ તુદરસ્ત હરીફાઈને જન્મ આપ્યો છે જેનો લાભ ગ્રાહકોને મળે તે જ તે દેશની સરકારનો અભિગમ રહ્યો છે. પરંતુ ભારતમાં ઉલટી ગંગા વહેતી હોય તેવો ઘાટ સર્જાયો છે. ખાનગી કંપનીઓ વેલીડીટી ચાર્જ જ વસુલતી નથી જયારે ભારત સરકારની દુર સંચાર કંપની દર છ માસે તેના ગ્રાહકો પાસેથી વેલીડીટીના નામે કરોડો રૂપિયા ઉઘરાવી લે છે જે કારણે ગ્રાહકો ખાનગી કંપનીઓમાં પ્રાધાન્ય આપી રહ્યા છે. સરકારી અધિકારીઓની કામ કરવાની નીતીરીતી એ માટે જવાબદાર ઠેરવી ગ્રાહકોએ વેલીડીટી ચાર્જ બંધ કરવા બુલંદ માંગ કરી છે.

ભારત સરકારની બીએસએનએલ કંપની દ્વારા તેના ગ્રાહકો પાસેથી વેલીડીટી ચાર્જ વસુલાતો હોવાથી ગ્રાહકોમાં ભારે અસંતોષ પેદા થયો છે. ટેલીકોમ ક્ષેત્રની તીવ્ર હરિફાઈ વચ્ચે સરકારની આ કંપની જોજનો દુર રહી જાય છે તેના પ્રત્યાઘાતો ગ્રાહકો ઉપર પડી રહ્યા છે. અનેક ખાનગી કંપની પોતાના ગ્રાહકો માટે અનેક નવી નવી યોજનાઓ અમલમાં મુકીને તેમને આકર્ષી રહી છે. વધુમાં નેટવર્ક બાબતે પણ ખાનગી કંપનીઓ સરકારની કંપની કરતા ખુબ જ સતર્ક હોવાનું પણ જણાઈ રહ્યું છે. સરકારી સહાય, સરકારી સાધનોનો અતુટ જથ્થો છતાં પણ અધિકારીની મિલીભગત સરકારી કંપનીને ઉતરતી કક્ષામાં મુકવા માટે જવાબદાર હોવાનું આક્રોશ સાથે ગ્રાહકો જણાવી રહ્યા છે.

દરેક તાલુકાવાર ખાનગી કંપનીઓ ડીલો નીમીને લક્ષ્યાંક આપે છે જયારે બીએસએનએલ જિલ્લાભરમાં બે ફ્રેન્ચાઈઝી નીમીને ઉચું કમિશન ચુકવે છે જયારે ડીલરોને તેનાથી એકાદ ટકો ઓછું કમિશન ચુકવી કંપની ધંધાને અવળી અસર પહોંચાડે છે તેવું જાણવા મળ્યું છે. બીએસએનએલના ગ્રાહકો ઉંચા કોલ દર સાથેના રીચાર્જ તો કરાવે સાથે વેલીડીટી પણ કરવી પડે જેથી સરેરાશ કોલ દર ખાનગી કંપનીઓ કરતાં ખુબ જ ઉંચો થઈ જતો હોય છે. જેમાં વળી સતત નેટવર્ક ન મળવાની બુમરાણ તો ખરી જ. જેથી સરકાર દ્વારા આ અંગે ઘરમૂળમાંથી ફેરફાર લાવી નવી ટેકનોલોજીના ઉપયોગ કરતાં પહેલા ગ્રાહકોને કેટલે અંશે લાભદાયક છે તેની સમીક્ષા કરે તેવી તીવ્ર માંગ ઉઠી છે.

# પરિવારથી તરછોડાયેલા વડીલોની ઉત્કૃષ્ઠ સેવા કરતા વૃદ્ધાશ્રમોને સરકારની ગ્રાન્ટ આપવી જોઈએ : ડી.એફ. શાહ

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર વૈષ્ણવ સમાજના પ્રમુખ ડી.એફ. શાહે તેમના ધર્મપત્ની કોકીલાબેન તથા સંબંધી બેલાબેન શાહ સાથે તાજેતરમાં મહુડી ખાતેના કોટીયર્ક મંદિર વૃદ્ધાશ્રમ તેમજ મગોડી ખાતેના રાહેલ વૃદ્ધાશ્રમની મુલાકાત લીધી હતી. વૃદ્ધાશ્રમોના વડીલોને જરૂરિયાતની ચીજવસ્તુઓની મદદ કરવા ઉપરાંત તેમની સાથે ગોષ્ટિ પણ કરી હતી અને ઘણી બધી હૃદયસ્પર્શી બાબતોની જાણકારી મેળવી હતી.

મગોડી ખાતેના રાહેલ વૃદ્ધાશ્રમમમાં સંસ્થાના માનદ્ કર્મચારી રાહિલબા સાથેની વાતચીતમાં સંસ્થામાં વસવાટ દરમ્યાન અવસાન પામેલા વડીલોના અગ્નિસંસ્કાર પણ સંસ્થા દ્વારા કરવામાં આવે છે. આ વૃદ્ધાશ્રમમાં ૨૦ વર્ષમાં અત્યાર સુધી ૨૩ વડીલો અવસાન પામ્યા છે. સંસ્થામાં દરેક વડીલો એક પરિવારની જેમ રહે છે અને જયારે પણ કોઈનું અવસાન થાય ત્યારે જયાં સુધી તે વ્યક્તિના અગ્નિ સંસ્કારની ક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી એક પણ સભ્ય પાણી સુદ્ધા પીતુ નથી. વળી, આ સંસ્થામાં જયારે પણ કોઈ બિમાર પડે ત્યારે તેમના સગાંવ્હાલાને બોલાવવામાં નથી આવતા પણ સંસ્થા દ્વારા જ તેમનો ઈલાજ અને દવાની વ્યવસ્થા કરવામાં આવે છે. રાહેલબા વૃદ્ધાશ્રમમાં મંદબુદ્ધિની એક વ્યક્તિ સહિત ૯૨ વર્ષના એક માજી પણ વસવાટ કરી રહ્યા છે. સંસ્થા બધી જવાબદારી ઉપાડી લે છે. આ સંસ્થા દાતાઓના દાન દ્વારા ચલાવવામાં આવે છે અને સંસ્થાને સૌથી વધુ અનાજ-દવાની જરૂરિયાત રહે છે.




ડી.એફ. શાહે તેમની મુલાકાત દરમ્યાન વડીલોને ગાંઠીયા-બુંદી વહેંચી હતી તેમજ વૃદ્ધાઓને સાડીઓ અર્પણ કરી હતી. વડીલોને પણ જરૂરિયાત મુજબની ચીજવસ્તુઓનું વિતરણ કર્યું હતું. મુલાકાત દરમ્યાન તેમણે સંસ્થાની ઉમદા કામગીરી નિહાળી અભિભૂત થયા હતા. તેમના મતે આ સંસ્થાને જો સરકારની ગ્રાન્ટ જેવી મદદ મળે તો સંસ્થા તરછોડાયેલા વડીલોની હજુ વધુ સારી સેવા કરી શકવા સક્ષમ છે.

## નભોઈ કેનાલમાંથી બિનવારસી યુવાનનો મૃતદેહ મળ્યો

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર નજીકની નભોઈ નર્મદા કેનાલ પાસેથી પસાર થતી પીસીઆર વાનના ચાલકનું ધ્યાન કેનાલમાં પડતા એક અજાણ્યા યુવાનનો તરતો મૃતદેહ મળી આવ્યો હતો. ઈન્ફોસીટી પોલીસને ઘટનાની જાણ કરાતાં પીએસઆઈ સોલંકી તેમની ટીમ સાથે સ્થળ પર પહોંચી ગયા હતા. આશરે ૩૫ થી ૪૦ વર્ષના બિનવારસી યુવાનનો મૃતદેહ બહાર કઢાવી પોસ્ટ મોર્ટમ માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ મોકલી આપ્યો હતો. જો કે તેની ઓળખ થાય તેવા કોઈ પુરાવા મળી આવ્યા નથી. પોલીસે તેની ઓળખ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# ગરીબોના આંસુ લુછી સારા અર્થમાં સ્વ.ડૉ. કલામને અંજલિ આપી

## વિવેકાનંદ સંસ્કાર તપોવનના બાળકોએ પોતાની પોકેટમની ગરીબો માટે ખર્ચી

ગાંધીનગર, તા.૩

ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ, મિસાઈલમેન અને બાળકોના પ્રિય એવા સ્વ.ડૉ. અબ્દુલ કલામ સાહેબને વિવેકાનંદ સંસ્કાર તપોવનના બાળકોએ અનોખી અંજલિ આપી હતી.

સ્વ. ડૉ. અબ્દુલ કલામ સાહેબ એવી હસ્તી હતી કે જેમણે નાનેરાથી માંડીને મોટેરાઓને ખુબ જ વ્હાલા હતા. ડૉ. કલામની સાદગી જ તેમની ઓળખ હતી. સે-૧૭માં આવેલ વિવેકાનંદ સંસ્કાપ તપોવનના બાળકોએ ડૉ. કલામ સાહેબને અનોખી રીતે અંજલિ અર્પી હતી. ડૉ. કલામ સાહેબના જવાનું દુઃખ સૌ કોઈને છેત્યારે બાળકોએ અંજલિરૂપે ઝુંપડપટ્ટીના નાગરિકોની ચિંતા કરી પોતાના ટીફીનની વાનગી જમાડી હતી. પોતાની પોકેટમની બચાવીને ફુડ પેકેટસ તૈયાર કર્યા હતા. બાળકોએ ધોધમાર વરસતા વરસાદમાં ઝંપડપટ્ટી વિસ્તારમાં વિતરણ કર્યુ હતું. બાળકોએ સાચા અર્થમાં ગરીબોના આંસુ લુછી ડૉ. અબ્દુલ કલામને અંજલિ આપી હતી.



ગાંધીનગરના ૫૧માં જન્મદિન પ્રસંગે મહાનગર પાલિકાના ડેપ્યુટી મેયર કાર્તિક પટેલે સેવા વસાહતના ગરીબ પરિવારોના બાળકોને ચોકલેટસ વહેંચી તેમનું મોં મીઠું કરાવ્યું હતું.

# આદિવાડામાં દેશી દારૂના પીઠાઓ પર એલસીબીના દરોડા

## ત્રણ મહિલા બુટલેગરો પાસેથી દારૂ બનાવવા વપરાતો ૨૦૦-૨૦૦ લીટર વોશ પકડાયો

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર પાસેના આદિવાડા ગામમાં ગાંધીનગર એલસીબીની ટીમે ગઈ સાંજે દરોડા પાડ્યા હતા. દેશી દારૂના પીઠાઓ પર દરોડા પાડીને એલસીબીએ ત્રણ મહિલા બુટલેગરો પાસેથી દેશી દારૂ ગાળવા માટે વપરાતા વૉશનો જથ્થો પકડી પાડ્યો હતો. ૨૦૦-૨૦૦ લીટર વૉશનો જથ્થો જપ્ત કરીને ત્રણેય મહિલા બુટલેગરો ગીતા કિરીટ દંતાણી, ઉષા વસંત દંતાણી અને ડાહી ભલસુખ દંતાણી સામે પ્રોહીબીશનનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# અતિવૃષ્ટિ ગ્રસ્ત ગામડામાં રાહત સામગ્રીનું વિતરણ

ગાંધીનગર, તા.૩

રાજયમાં મેઘરાજાએ બનાસકાંઠા વિસ્તારને ઘમરોળી નાખ્યું છે. પ્રથમ અમરેલી અને ત્યારબાદ બનાસકાંઠાના ગામડાઓમાં તારાજી સર્જી નાંખી છે ત્યારે હવે અહીંના લોકોને પારવાર યાતનાઓ વેઠવી પડી રહી છે. પીવાનું પાણી, જમવાનું પણ નશીબ થઈ રહ્યું નથી ત્યારે નહેરુ યુવા કેન્દ્ર સંગઠન દ્વારા વાવ અને સૂઈ ગામ તાલુકામાં સહાય કરવામાં આવી હતી. જેમાં બેણપ, અબાળા, સણવા, વાઢિયાવાસ, જોરાવરગઢ, ઉચોસણ, દૂધવા, સેડવા સહિતના ગામોમાં યુવા કેન્દ્ર ગાંધીનગરના ઝોનલ ડાયરેકટર શ્રીમતી અનિતા ભારતીય, દ્રુપદભાઈ જોશી, કમલેશ શેઠિયા, અલીશાભાઈ, અમીચંદ શ્રીમાળી, રમેશભાઈ પલાણા, ભગવાનભાઈ રાવળે અતિવૃષ્ટિ ગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લઈ રાહત સામગ્રીનું વિતરણ કર્યું હતું.

# ગાંધીનગરના બાજખેડાવાળ જ્ઞાતિજનોના તેજસ્વી બાળકોનું સન્માન કરાયું

ગાંધીનગર, તા. ૩

શૈક્ષણિક વર્ષ ૨૦૧૪-૧૫ દરમિયાન બાજખેડાવાળ જ્ઞાતિજનોના નર્સરી-કેજી સુધીના તમામ તેજસ્વી બાળકોને, ધોરણ ૧ થી ૧૦ તેમજ ધોરણ ૧૨ના બન્ને પ્રવાહમાં પ્રથમ એકથી ત્રણ સુધીના વિદ્યાર્થીઓને, ઉપરાંત કોલેજના છેલ્લા વર્ષમાં પાસ થનાર વિદ્યાર્થીઓને તા. ૨૬-૭-૨૦૧૪ના રોજ તેજસ્વી વિદ્યાર્થીઓને પુરસ્કાર અને પ્રમાણપત્ર એનાયત કરીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

કે.જી. નર્સરી વિભાગમાં, ખેવના મહેલુભાઈ ઠાકર, કેયા ડી. પંડ્યા, જૈનમ રોનકભાઈ ત્રિવેદી, વ્યોમ હિમાંશુભાઈ દવે અને દેવાંગી પી. પંડ્યાને સન્માનિત કરવામાં આવ્યા છે. જયારે, પ્રાથમિક વિભાગમાં બીજા ધોરણમાં પ્રાપ્તિ આશિષભાઈ જોષી અને દિયા સુજલકુમાર જોષીને અને ધોરણ ત્રીજામાં અનુક્રમે દેવાંશ હારિતભાઈ જોષી, યસ્વી કલ્પેશભાઈ ભટ્ટને ઈનામ મળેલ છે. ધોરણ ચોથામાં દિયા પ્રતિકભાઈ પંડ્યા, વેદાંશી હેમંતભાઈ દવે અને તેજશ પ્રફુલ્લભાઈ શુકલને તેમજ પાંચમામાં દેવાંગ રૂપેશકુમાર દવે, દિક્ષા પ્રણવકુમાર ભટ્ટ અને પર્વ પરેશભાઈ જોષીને પુરસ્કૃત મળ્યા છે. છઠ્ઠા ધોરણમાં કશિશ મહેલુભાઈ ઠાકરને અને સાતમી કક્ષામાં મહેંક પ્રદિપભાઈને ઈનામ મળ્યું છે. જયારે ધોરણ આઠમાં સાક્ષી કલ્પેશકુમાર ભટ્ટ અને ધ્યાનમ મહર્ષિભાઈ જોષીને ઈનામ મળ્યુંછે. માધ્યમિક વિભાગમાં નવામાં ધોરણનું ઈનામ ચાહના નીતિનકુમાર અને શુભમ સ્નેહલભાઈને એનાયત થયું છે. એસએસસીઈ બોર્ડમાં ઈશાની પ્રફુલભાઈ શુક્લને ઈનામ આપ્યું છે. ઉચ્ચત્તર માધ્યમિક વિભાગ-ધોરણ અગિયારમાં અંશુલ ભાવિનભાઈ જોષીને પુરસ્કાર મળ્યો છે. બીજી તરફ એચએસસીઈ બોર્ડ-વિજ્ઞાન પ્રવાહમાં નિલય કમલેશકુમાર દવે, જયંતિ હેમંતભાઈ શેલત, શીવાંગ પ્રદિપકુમાર દવે અને રિયા રશ્મિકુમાર જોષીને પુરસ્કૃત કરવામાં આવેલ છે. વધુમાં નોંધપાત્ર ગ્રેડથી સ્નાતક થયેલ બીટેક-આઈસી પ્રાંશુ વ્યોમેશ શેલત, બીઈ-કમ્પ્યૂટર ખુશ્બુ સંદિપભાઈ ભટ્ટ અને કૃતિ પ્રદિપકુમાર દવે તેમજ બીએસસી-બાયોટેક વૈદેહી જતિનભાઈ દવેનું પણ સન્માન કરવામાં આવ્યું છે. તદ્ઉપરાંત અનુસ્નાતક થયેલ ફાર્માસ્યૂટિક્સમાં એમફાર્મ હરિ સુરેન્દ્રભાઈ ભટ્ટ તેમજ પબ્લિક એડમિનીસ્ટ્રેસનમાં એમએ અશ્મિકુમારી પીયુષભાઈ દવેને પણ સન્માનિત કર્યા હતા. ઉપરોક્ત તમામ વિદ્યાર્થીઓને રોકડ પુરસ્કાર સાથે પ્રમાણપત્ર એનાયત કર્યા હતા.

આ કાર્યક્રમ દરમિયાન સમગ્ર સભા સંચાલનનું સૂકાન શ્રીમતી અશ્મી મહેલુકુમાર ઠાકરે સંભાળ્યું હતું. જયારે કુ. કશિશ ઠાકરે પ્રાર્થનાથી પ્રારંભ કરાવ્યો હતો. જયારે ગીત પ્રસ્તુતિમાં સિનીયર કે.જી.માં ભણતા દવે વ્યોમે અને ત્રીજા ધોરણના જય દવેએ ભાગ લીધો હતો. કાર્યક્રમને સફળ બનાવવા માટે સુરેન્દ્ર ભટ્ટ, વિપુલ પંડ્યા, જીતેન જોષી. હેમંત શેલત, દિનકર ભટ્ટ, અમીત ભટ્ટ સહિત કારોબારી અને સેકટર પ્રતિનિધિઓ સહિત તમામ અગ્રણીઓએ ભારે જહેમત ઉઠાવી હતી.

# લવારપુર પ્રાથમિક શાળાના મકાનની છતના સિમેન્ટના પતરાં જર્જરીત હાલમાં

ચિલોડા, તા.૩

ગાંધીનગરના પાદરે લવારપુર પ્રાથમિક શાળાના મકાનના રૂમ પરના સિમેન્ટના પતરાં જર્જરીત હાલમાં હાલકડોલક થઈ રહ્યાં છે. આ રૂમોની દિવાલો અને લાકડાનું ફર્નિચર સારી હાલતમાં હોવા છતાં રૂમો પર સિમેન્ટના પતરં તૂટી જવાથી બિમાર હાલતમાં બિન ઉપયોગી રીતે લટકી રહ્યા છે. તે કયારે જમીનદોસ્ત થશે અને કયારે નવા પતરાં નંખાશે તે ચિંતાજનક બાબતથી ગ્રામજનો ચાતક નજરે રાહ જોઈ રહ્યાં છે. છેલ્લા પાંચ વર્ષથી સત્તાવાહકોને આ અંગે રજૂઆત કરવા છતાં કોઈ નકકર પગલાં લેવાતા નથી. આ અંગે એસ.એમ.સી. ના અન્વયે વારંવાર રૂમોની હાલત અંગે ફરિયાદ કરવા છતાં તંત્ર ઘોર નિંદ્રામાં હોવાનું માલુમ પડતાં ગ્રામજનોમાં અસંતોષ વર્તાઈ રહ્યો છે. જર્જરિત રૂમોની હાલત જોતાં શાળાના બાળકો અકસ્માતનો ભોગ બને તેવી વકીથી વાલીઓમાં ચિંતાજનક પરિસ્થિતિ સર્જાઈ છે અને ગ્રામજનો સત્વરે ઉકેલ માંગી રહ્યા છે.



(તસવીર : નટુભાઈ પટેલ)

# વાવોલની શાલીન-૪ એપાર્ટમેન્ટના રહીશોએ બનાસકાંઠા પૂર પીડિતો માટે ફુડ પેકેટ્સ મોકલ્યા

## મહિલાઓ અને યુવાનોએ મોડી રાત્રી સુધી જાગીને પુરી-અથાણાંના ફુડ પેકેટ્સ બનાવ્યા

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગરના ગુડા વિસ્તારના વાવોલ ગામે શાલીન-૪ એપાર્ટમેન્ટના રહીશોએ બનાસકાંઠાના પૂરગ્રસ્ત વિસ્તારના પીડિતોની મદદ માટે ફૂડ પેકેટ્સ તૈયાર કરી મોકલાવ્યા છે. આ ફૂડ પેકેટ્સમાં પુરીઓ અને અથાણું મુકવામાં આવ્યું હતું જે સોસાયટીની મહિલાઓ દ્વારા તૈયાર કરવામાં આવ્યા હતા.

બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં અતિવૃષ્ટિ થવાથી ભારે પૂરના કારણે તારાજી સર્જાઈ છે. અનેક પરિવારોએ તેમના ઘર ગુમાવ્યા છે અને પૂરમાં ફસાયેલા ગ્રામજનોને ખાવા-પીવાના પણ સાંસા થઈ પડ્યાં છે. આ પરિસ્થિતિમાં રાજ્યના અનેક જિલ્લાઓમાંથી તેમજ ગાંધીનગર શહેરમાંથી પણ અનેક સેવાભાઈ સંસ્થાઓ દ્વારા વિવિધ પ્રકારની મદદ અને ફુડપેકટ્સ વગેરે સામગ્રી મોકલવામાં આવી રહી છે. આપત્તિગ્રસ્ત પીડિતોની વ્હારે ધાવા માટે વાવોલના શાલીન-૪ એપાર્ટમેન્ટના રહીશો દ્વારા પણ ફુડપેકેટ્સ તૈયાર કરી તેને પહોંચાડવાનું બીડું ઝડપવામાં આવ્યું હતું. આ સેવાકાર્ય માટે એપાર્ટમેન્ટસની મહિલાઓને મોડી રાત્રી સુધી જાગીને પુરીઓ તળી હતી. જેને અથાણા સાથે મુકીને રહીશોએ ફુડ પેકેટ્સ બનાવ્યા હતા. આ કામમાં યુવા બાળકોએ પણ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ફુડ પેકેટ્સ અસરગ્રસ્તો સુધી પહોંચાડવા માટેની જવાબદારી સોસાયટીના અગ્રણી સુરેશભાઈ પટેલ તથા આપ પાર્ટીના કાર્યકર કિશન સહિતના સેવાભાવીઓએ ઉઠાવી હતી.



(તસવીર : સમીર રામી)

## ચિરવિદાય

- સ્વ. વનરાજભાઈ રોહિત દંતાણી (ઉ.વ.૯) ઘ-૬ કોર્નર, સે-૨૩, છાપરા, ગાંધીનગર
- સ્વ. અંબાલાલ નેનાજી ઠાકોર (ઉ.વ.૬૫) મુ. ચીલોડા મોટા, તા.જી. ગાંધીનગર